# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-12-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

1) રાજ્ય સરકાર આગામી સમયમાં 21 હજાર જેટલી જગ્યાઓ પર દિવ્યાંગજનોની ભરતી કરશે.
2) રાજ્યભરમાં છ અને સાત ડિસેમ્બરે "રવિ કૃષિ મહોત્સવ 2024" યોજાશે.
3) ભરૂચમાં અંકલેશ્વર GIDCની ખાનગી કંપનીમાં ધડાકો થતાં ચાર શ્રમિકના મોત નીપજ્યા.
4) અરવલ્લીમાં મંજૂર થયેલી કેન્દ્રીય વિદ્યાલય ઝડપથી શરૂ કરવા સાબરકાંઠાનાં સાંસદ શોભના બારૈયાની લોકસભામાં રજૂઆત.
5) ઘોરાડ પક્ષીના સંરક્ષણ અને સંવર્ધન માટે સર્વોચ્ચ અદાલતે રચેલી નિષ્ણાત સમિતિ ચાર દિવસના કચ્છના પ્રવાસે.
6) રાજ્ય કક્ષાની ચિત્ર સ્પર્ધામાં સારું પ્રદર્શન કરનારા ભાવનગરના વિદ્યાર્થીની રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# DIVYANG BHARTI

રાજ્ય સરકાર આગામી સમયમાં અંદાજે 21 હજાર જેટલી જગ્યાઓ પર ભરતી કરી દિવ્યાંગજનોને રોજગારી આપશે. હાલ રાજ્યમાં સાત હજાર જેટલી જગ્યાઓ પર દિવ્યાંગજનો સેવા આપી રહ્યા છે. ગાંધીનગર ખાતે "આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ"ની ઉજવણીમાં રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અગ્ર-સચિવ મોહમ્મદ શહીદે આ મુજબ જણાવ્યું હતું.

આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ભાનુબેન બાબરિયાએ જણાવ્યું કે, રાજ્ય સરકાર દિવ્યાંગજનો માટે હંમેશા નવી યોજનાઓ લાવી રહી છે. તેમણે ઉંમેર્યું કે, 'દિવ્યાંગજનોને ઉપયોગી થવાનું શ્રેષ્ઠ સેવા કાર્ય માત્ર એક દિવસ નહીં, પરંતુ હંમેશા ચલાવવું પડશે. દરમિયાન મહાનુભાવોના હસ્તે 15 જેટલા દિવ્યાંગજનોને ઉપયોગી વિવિધ સાધનોનું વિતરણ કરાયું હતું.

# CM- DIVYANG DIVAS

વિશ્વ દિવ્યાંગ દિવસ અંતર્ગત નેશનલ ફેડરેશન ઓફ ધી બ્લાઈન્ડની ગુજરાત શાખાના દસ જેટલા પ્રજ્ઞાચક્ષુઓએ આજે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની શુભેચ્છા મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રી દ્વારા રાજ્ય સરકારની સેવાઓમાં દિવ્યાંગજનો માટે ખાસ ભરતી ઝુંબેશ હાથ ધરવાની જાહેરાત અંગે આ પ્રજ્ઞાચક્ષુઓએ મુખ્યમંત્રીનું સન્માન કરી તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# DIST. VIKLANG DIVAS

રાજ્યમાં વિવિધ જિલ્લાઓમાં વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણી કરવામાં આવી..

પંચમહાલ જિલ્લાના અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે, પંચમહાલ ગોધરા અનુસૂચિત જાતિ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત "ગાંધી સ્પેશ્યલ બહેરા મૂંગા વિદ્યાલય" દ્વારા આજે સમાજમાં દિવ્યાંગો પ્રત્યે જાગૃતિ લાવવાના હેતુથી રેલી યોજવામાં આવી.. આ રેલી ગાંધી ચોકથી શરૂ થઇ પાંજરાપોળ, વિશ્વકર્મા ચોક, નગરપાલિકા, પાંજરાપોળ થઈને ગાંધી ચોક પરત ફરી હતી.

રાજકોટમાં 'વિશ્વ દિવ્યાંગ દિવસ'ની ઉજવણી અંતર્ગત દિવ્યાંગોને સાધન સહાયનું વિતરણ કરાયું. આ તકે દિવ્યાંગો તથા મનોદિવ્યાંગ બાળકોએ ગણેશ વંદના, વિરાણી બહેરા મૂંગા શાળાના મુકબધિર બાળકોએ ધાર્મિક ગીત પર નૃત્ય રજૂ કર્યું. જ્યારે પ્રજ્ઞાચક્ષુ બાળકીઓએ 'હસતા રમતા' ગીત પર નૃત્ય રજૂ કર્યું.. બોટાદમાં એક સામાજીક સંસ્થાના બાળકોએ આજે જિલ્લામાં કાર્યરત અલગ અલગ તબીબોની શુભેચ્છા મુલાકાત કરી. દરમિયાન તબીબને ગુલાબનું ફૂલ તેમજ આભાર પત્ર આપ્યો હતો.

# GUJ. DIVYANGJAN YOJNA

**રાજ્યભરમાં છ અને સાત ડિસેમ્બરે "રવિ કૃષિ મહોત્સવ 2024"નું આયોજન કરાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કૃષિમંત્રી રાઘવજી પટેલ બનાસકાંઠાના દાંતીવાડા ખાતેથી આ મહોત્સવનો રાજ્યવ્યાપી શુભારંભ કરાવશે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે, 'રાજ્યભરના 246 તાલુકામાં યોજાનારા આ મહોત્સવમાં અઢી લાખથી વધુ ખેડૂતો ભાગ લેશે.**

આ આયોજનથી કૃષિ વૈજ્ઞાનિકોને ખેડૂતોની વાસ્તવિક પરિસ્થિતિ સમજવામાં સરળતા થઈ તેમજ ખેડૂતોની સમસ્યાને અનુરૂપ સંશોધનો કરવામાં પણ તેમને સફળતા મળી.

શ્રી પટેલે ઉમેર્યું કે, 'આ મહોત્સવ થકી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો "લેબ ટૂ લેન્ડ" એટલે કે, "પ્રયોગશાળાથી જમીન"નો મંત્ર ચરિતાર્થ થયો છે. આ આયોજનથી ખેડૂતો અને કૃષિ વૈજ્ઞાનિકો તેમજ તજજ્ઞો વચ્ચેનું અંતર દૂર થયું છે.'

(બાઈટઃ રાઘવજી પટેલ, કૃષિમંત્રી)

## ANKALESHWAR GIDC BLAST

ભરૂચ જિલ્લામાં અંકલેશ્વર GIDC એટલે કે, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમમાં આવેલી ખાનગી કંપનીમાં ધડાકો થતાં ચાર શ્રમિકના મોત નીપજ્યા છે. ટેન્કરૂફ પર કામ કરતાં ચારેય કામદાર પૈકી ત્રણ શ્રમિકના મૃતદેહ મળ્યાં છે. ઘટનાની જાણ થતાં નિયામક ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય- DISH, જિલ્લા કલેક્ટર, પ્રાન્ત અધિકારી સહિતની તમામ ટુકડી ઘટનાસ્થળે પહોંચી છે. આ અંગે ભરૂચ જિલ્લાના અમારા પ્રતિનિધિ વાહિદ મશ્હદીએ માહિતી આપી હતી.

(વોઇસકાસ્ટ- વાહિદ મશહદી-પ્રતિનિધી- ભરૂચ)

## LS MP SHOBHNA BARAIYA

સાબરકાંઠાનાં લોકસભા સાંસદ શોભના બારૈયાએ આજે લોકસભામાં પોતાની પ્રથમ રજૂઆતમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના શૈક્ષણિક પ્રશ્નોની રજૂઆત કરી હતી. શ્રીમતી બારૈયાએ અરવલ્લીના મોડાસા ખાતે

મંજૂર થયેલી કેન્દ્રીય વિદ્યાલય બને તેટલી ઝડપથી શરૂ કરવા કેન્દ્રીય શિક્ષણ મંત્રીને રજૂઆત કરી હતી.

**(બાઈટ- શોભના બારૈયા, લોકસભા સાંસદ)**

# VALSAD MP RAJUAAT

વલસાડના લોકસભા સાંસદ ધવલ પટેલે જિલ્લામાં વિવિધ ટ્રેનના નવા સ્ટૉપેજ બનાવવા અને માળખાકીય સુવિધાઓ અંગે કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને લેખિત રજૂઆત કરી છે.

શ્રી પટેલે વંદે ભારત ટ્રેન, શતાબ્દી એક્સપ્રેસ ટ્રેન તેમજ અન્ય જરૂરી ટ્રેનને સ્ટૉપેજ આપવા, માતા વૈષ્ણોદેવી કટરા માટે વલસાડથી નવી ટ્રેન શરૂ કરવા સહિત અન્ય સુવિધા ઉપલબ્ધ કરાવવા શ્રી વૈષ્ણવને રૂબરૂ મળી રજૂઆત કરી હતી.

# GHORAD SUPREME COURT SAMITI

લુપ્ત થઈ રહેલા ઘોરાડ પક્ષીના સંરક્ષણ અને સંવર્ધન માટે સર્વોચ્ચ અદાલતે રચેલી નિષ્ણાત સમિતિ ચાર દિવસના કચ્છના પ્રવાસે છે.

પશ્ચિમ કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે, અબડાસામાં સ્થળ નિરીક્ષણ કર્યા બાદ આ સમિતિએ ભુજ કલેક્ટર કચેરી ખાતે ભાગીદારો સાથે બેઠક યોજી હતી. રાજ્યમાં એક માત્ર કચ્છમાં જોવા મળતાં ઘોરાડ પક્ષી મુદ્દે સર્વોચ્ચ અદાલતના નિર્દેશ બાદ આ સમિતિ મુલાકાતે આવી છે. હવે સમિતિ પોતાનોઅહેવાલ સર્વોચ્ચ અદાલતને સુપરત કરશે.

ઊર્જા મંત્રાલયના સંયુક્ત સચિવ લલિત બોહરાની આગેવાનીમાં આવેલી આ ટુકડીએ ગઈકાલે અબડાસામાં સ્થળ મુલાકાત કરી હતી.

# BHAVNAGAR CHITRA SPARDHA

ગાંધીનગરમાં યોજાયેલી રાજ્યકક્ષાની ચિત્ર સ્પર્ધામાં ભાવનગરના વિદ્યાર્થીએ સારું પ્રદર્શન કરતાં તેમની રાષ્ટ્રીય કક્ષાની ચિત્ર સ્પર્ધા માટે પસંદગી થઈ છે.

ભાવનગરના અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે, ભારત સરકારના ઊર્જા મંત્રાલય દ્વારા ઊર્જા સંરક્ષણ પર યોજાયેલી ચિત્ર સ્પર્ધામાં ભાવનગરમાં ધોરણ 10માં ભણતાં રમ્ય ખાટસૂરિયાએ બીજું સ્થાન મળતાં તેમને 30 હજાર રૂપિયાનું રોકડ ઈનામ મળ્યું છે. હવે તેઓ આગામી 12 ડિસેમ્બરે દિલ્હીમાં યોજાનારી રાષ્ટ્રીય કક્ષાની ચિત્ર સ્પર્ધામાં ભાગ લેશે.

# GUJ. KHEL MAHAKUMBH

રાજ્યમાં ત્રીજા તબક્કાનો ખેલ મહાકુંભ પાંચમી ડિસેમ્બરથી 31 માર્ચ, 2025 દરમિયાન યોજાશે. રાજ્યના રમતગમત મંત્રી હર્ષ સંઘવીએ આ જાહેરાત કરતાં જણાવ્યું કે, આ ખેલ મહાકુંભ અંતર્ગત 39 રમતો, 32 ઓલિમ્પિક રમતો, 7 અન્ય રમતો, જ્યારે વિશેષ ખેલ મહાકુંભ અંતર્ગત 25 પેરા- રમતોનું આયોજન કરાશે.

શ્રી સંઘવીએ ઉમેર્યું કે, નવા ફેરફારો, વિજેતા ખેલાડીઓને પુરસ્કાર તેમજ દિવ્યાંગ ખેલાડીઓ માટેનો વિશેષ ખેલ મહાકુંભ જેવી નવી બાબતો સાથે આ વર્ષે ખેલ મહાકુંભ યોજાશે. ખેલ મહાકુંભ 7 વિવિધ વયજુથના સમૂહમાં યોજાશે, જેમાં અંડર-9, 11, 14, 17, ઓપન કેટેગરી,

40 વર્ષથી વધુ તેમજ 60 વર્ષથી વધુ વય ધરાવતા ખેલાડીઓ ભાગ લઇ શકશે.

આ વર્ષે વિશેષ ખેલ મહાકુંભમાં દિવ્યાંગ ખેલાડીઓ ક્રિકેટ, વોલીબોલ અને સ્વીમીંગમાં ભાગ લઇ શકશે જ્યારે મનોદિવ્યાંગ ખેલાડીઓ સાયકલીંગ, બોચી, વોલીબોલ, બાસ્કેટબોલ, સ્વીમીંગ, રોલર સ્કેટીંગ, હેન્ડબોલ, ટેબલ ટેનીસ, બેડમિન્ટન, ક્રિકેટ, ફૂટબોલ, સોફ્ટબોલ તો અંધજન દિવ્યાંગ ખેલાડીઓ એથ્લેટીક્સ, ક્રિકેટ, ચેસ અને બહેરામુંગા દિવ્યાંગ ખેલાડીઓ એથ્લેટીક્સ, ક્રિકેટ, ચેસ, વોલીબોલ તેમજ સેરેબલ પાલ્સી દિવ્યાંગ ખેલાડીઓ એથ્લેટીક્સ, રમતમાં ભાગ લઇ શકશે.

શ્રી સંઘવીએ જણાવ્યું કે, ખેલ મહાકુંભમાં ભાગ લેવા ઈચ્છુક ખેલાડીઓ પાંચથી 25 ડિસેમ્બર સુધી ઓનલાઈન નોંધણી કરાવી શકશે.

## KUTCH CHITTA SAMVARDHAN KENDRA

કચ્છના બન્ની વિસ્તારમાં રાજ્યનું પ્રથમ "ચિત્તા સંરક્ષણ સંવર્ધન કેન્દ્ર" બનાવવા કેન્દ્ર સરકારે મંજૂરી આપી દીધી છે ત્યારે આ કેન્દ્ર અંગે અભ્યાસ માટે વન્યજીવ સાથે જોડાયેલા રાજ્યના અધિકારીઓએ મધ્યપ્રદેશના કુનો-પાલપુર રાષ્ટ્રીય પાર્કની મુલાકાત લઈ વિગતો મેળવી છે.

આ તરફ પ્રાણીઓ અને યાયાવર પક્ષીઓ માટે ગુજરાત સુરક્ષિત રાજ્ય બન્યું છે. વન્યજીવ વસતિ અંદાજ અને ગણતરી મુજબ, વર્ષ 2023માં રાજ્યમાં નીલગાય, કાળિયાર સહિત અંદાજે 21 પ્રજાતિઓની નવ લાખ 53 હજારથી વધુ વસતિ નોંધાઈ હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે. છેલ્લા 14 વર્ષમાં થોળ અને નળ-સરોવર પક્ષી

અભયારણ્યમાં જળપ્લાવિત વિસ્તારના યાયાવર પક્ષીઓની સંખ્યા 18થી 20 લાખ સુધી પહોંચી છે.

ઉલ્લેખનીય છે કે, આવતીકાલે ચોથી ડિસેમ્બરે વિશ્વ વન્યજીવ સંરક્ષણ દિવસની ઉજવણી કરાશે. આ દિવસે લુપ્ત થતાં વન્યજીવો અને પક્ષીઓને બચાવવા લોકોને જાગૃત કરવા દેશભરમાં વિશેષ કાર્યક્રમ યોજાશે.